Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

627

# श्री जैनधर्मप्रकाश.

## JAINA DHARMA PRAKASHA.

પુસ્તક ૮ મું. પોસ સુદ ૧૫ સંવત ૧૯૪૯ અંક. ૧૦ મો.

शार्दूलविक्रीडित.

कृत्वार्हत्पदपूजनं यतिजनं नत्वा विदित्वागमं ।
हित्वा संगमधर्मकर्मठधियां पात्रेषु दत्वा धनं ॥
गत्वा पद्धतिमुत्तमक्रमजुषां जित्वांतरारिव्रजं ।
स्मृत्वा पंचनमस्क्रियां कुरु करक्रोडस्थमिष्टं सुखं ॥१॥

प्रगट कर्त्ता.

### श्री जैनधर्मप्रसारक सभा.

ભાવનગર.

अमदावादमां—"એંગ્લો વર્નાક્યુલર પ્રીન્ટીંગ પ્રેસમાં"
નથુભાઈ રતનચંદ મારફતીયાએ છાપી પ્રસિદ્ધ કર્યું
શક ૧૮૧૪. સન ૧૮૯૨

મૂલ્ય વર્ષ ૧ નો રૂ ૧ ) અગાઉથી પોસ્ટેજ રૂ૦–૩–૦ જુદું.
છુટક અંક એકનો રૂ૦–૨–૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## अनुक्रमणिका.


| વિષય. | | પૃષ્ઠ. |
|---|---|---|
| ૧ | હિતોપદેશ (પદ્ય) | ૧૪૫ |
| ૨ | માયા (શ્રી મલ્લીનાથજી ચરિત્ર) | ૧૪૬ |
| ૩ | પ્રતિક્રમણ. | ૧૫૧ |
| ૪ | સંસ્કૃત જૈન ગ્રંથો. | ૧૫૫ |
| ૫ | સંબોધસત્તરી. | ૧૫૮ |
| ૬ | વર્તમાન સમાચાર. | ૧૫૯ |


## ચોપાનીયું રખડતું મુકી આશાતના કરવી નહીં.


## મુનીરાજ શ્રી વૃદ્ધિચંદજી માહારાજના ફોટોગ્રાફ.

ખરીદ કરવા ઇચ્છનારને માટે નીચે પ્રમાણે ભાવ રાખેલા છે.

૧ કેબીનેટ સાઇઝના ફોટોગ્રાફ. ૦—૧૦—૦
૨ ફુલ સાઇઝના ફોટોગ્રાફ. ૧—૦—૦

પરદેશવાળાને પોસ્ટ ખર્ચ જુદું બેસશે.

બહારગામ રહેનારને દર્શનનો અમુલ્ય લાભ આપનાર અને સમિપે રહેનારની પણ પ્રાતઃકાળમાં દર્શન કરવાની ઇચ્છાને સંપૂર્ણ કરનાર અનેક ગુણગણ સંપન્ન શાંત મુર્ત્તિવંત મુનીમહારાજનાઓ ફોટોગ્રાફ ભક્તજનોને અવશ્ય ખરીદ કરવા યોગ્ય છે. ફોટોગ્રાફર બહુ પ્રવીણ હોવાથી મુંબઇના પ્રસિદ્ધ ફોટોગ્રાફરની પંક્તિમાં મુકીએ એવું કામ કરેલું છે. વિશેષ પ્રશંસાની આવશ્યક્તા નથી કારણકે એ મહાન્ પુરૂષ દર્શન ઇહલોક પરલોકમાં અવશ્ય કલ્યાણને નિષ્પન્ન કરનારા છે.

આ ફોટોગ્રાફ શ્રી પાલીતાણામાં પણ ઝવેરી ત્રીકમ ઘેલાભાઇની પાસેથી ઉપરના ભાવ પ્રમાણેજ મળી શકશે.

## અવશ્ય ખરીદ કરો.

સઝાયમાળા—શાસ્ત્રી ટાઇપમાં બહુજ સુંદર છપાઇને તૈયાર થઇ છે. કીંમત રૂ૩) છે. પોસ્ટેજ જુદું.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री जैनधर्मप्रकाश.

## JAINA DHARMA PRAKASHA.

દોહરો.

જીનમતરસ રસનાથકી, પાનકરો પ્રતિમાસ;
રસિકજનો રસમગ્ન થૈ, વાંચી જૈનપ્રકાશ.

પુસ્તક ૮ મું. શક ૧૮૧૪ પોસ શુદિ ૧૫ સંવત ૧૯૪૯ અંક ૧૦ મો.

## हितोपदेश.

( હરીગીત )

સંસારમાં શું સાર છે વિચાર કર નર મન વિષે,
નીજ નેત્ર ખોલી જો અરે દૃષ્ટિ કરીને દશ દીશે;
ચીત્ત માંહે ચેત ચતુર ચેતન શી ગતી તારી થશે,
એવું વિચારી ધર્મ કર નર ક્ષણુ ગયો નવ આવશે. ૧
બહુ કુડ કપટને કેળવી સહુ લોકને તેં છેતર્યા,
જ્યાં ત્યાં દગલબાજી થકી નીજ કાર્ય જે જે તેં કર્યા;
તે સર્વ પાપ તણી તને પરલોકમાં શીક્ષા થશે,
એવું વિચારી ધર્મ કર નર ક્ષણુ ગયો નવ આવશે. ૨
તું કહે મારૂં મારૂં સર્વે મોહમાન મમત્વથી,
ધન ધાન્ય જોબન માલ માયા સર્વ તે તારૂં નથી;
સુત માત તાત સુજાત પત્ની કોઇ નવ તારૂં થશે,
એવું વિચારી ધર્મ કર નર ક્ષણુ ગયો નવ આવશે. ૩
કાયા તણો રાખી ભરૂંસો બહુજ માયા મેળવી,
જુઠું વધો નિર્લજ પણે ને ઃપણુતા બહુ કેલવી;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અંતે અરે નર અથીર છે વસ્તુ સહુ વીણસી જશે,
એવું વિચારી ધર્મ કર નર ક્ષણ ગયો નવ આવશે. ૪
રાવણુ સમો જે રાજવી લંકાપતિ પોતે હતો,
વિશ ભુજ્ન જોદ્ધો યમસમો જે જગતમાંહે શોભતો,
પણ ગયો અંતે એકલો તો તારી શી ગણુતી થશે,
એવું વિચારી ધર્મ કર નર ક્ષણ ગયો નવ આવશે. ૫
મહા પુન્ય ઉદયે મનુષ્ય જન્મ મળ્યો બહુ મુશ્કેલ જે,
ઉત્તમ કુળે અવતારને પંચેંદ્રી યોગ તથાપિ છે;
તો કેમ હારી જાય પશ્ચાતાપ પશ્ચાતે થશે.
એવું વિચારી ધર્મ કર નર ક્ષણ ગયો નવ આવશે. ૬
અહંકાર અતિ અંતર ધરે જે મુજ સમો જગ કો નથી.
પણ ગર્વ ઉતરે સર્વના જો જાણ જ્ઞાન મતિ થકી;
ઉલટી ગતી નીચી મળે ને નરકવેદન ત્યાં થશે,
એવું વિચારી ધર્મ કર નર ક્ષણ ગયો નવ આવશે. ૭
છે સ્વારથી સહુએ સગું ને અથીર કાયા કારમી,
શો ગર્વ જાવું સર્વને છે એક દીન અંતે વલી;
રે, મરણ સમયે ધર્મ કરવા કેમ તું તત્પર થશે.
એવું વિચારી ધર્મ કર નર ક્ષણ ગયો નવ આવશે, ૮
સ્વપ્ના સમું છે સુખ સરવે સમજ રે નર મન થકી,
છે સાર એકજ ધર્મ અવર અસાર જાણ અરે નકી;
હિતકાર શીક્ષા દેવશીની દીલ ધરે તો સુખ થશે;
એવું વિચારી ધર્મ કર નર ક્ષણ ગયો નવ આવશે. ૯

# माया.

## શ્રી મલ્લીનાથજી ચરિત્ર.

(અનુસંધાન પાને ૧૦૭ થી.)

જે સમયે શ્રી મલ્લીકુંવરીએ પોતાના પૂર્વ ભવના મિત્ર છ રાજાઓના પોતાની માગણી માટે દુત આવવાનું અવધિજ્ઞાનવડે જાણીને મોહન ઘરની રચના કરાવી છે અને પ્રથમ મિત્રનો દુત આવેલો છે તેજ સમયે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અંગ દેશમાં ચંપાનગરીને વિષે ચંદ્રચ્છાય નામે બીજો મિત્ર ઊત્પન્ન થયેલો છે તેનો દુત પણ આવ્યો તેનું કારણ આ પ્રમાણે છે.

પૂર્વોક્ત ચંપાનગરીમાં અરહન્નક નામે શ્રાવક નગરશેઠ રહે છે તે બીજા ઘણા વ્યાપારીઓની સાથે વ્યાપાર નિમિત્તે જવા તૈયાર થયેલો છે. અરહન્નક બહુ બુદ્ધિવંત છે. જીવાજીવાદિક નવ તત્વનો જાણ છે, સર્વ વ્યાપારીઓમાં મુખ્ય છે. એકદા સર્વે વ્યાપારીઓએ એકઠા મળી વિચાર કર્યો કે આપણે દેશાંતર વ્યાપાર નિમિત્તે ચાર પ્રકારના અનેક કરીયાણા લઇને જવું. સૌએ એક મત કરી કરીયાણા સજ્જ કરી ગાડાંઓમાં ભર્યા. નીકળવાને દિવસે પોતાના કુટુંબ વર્ગને આમંત્રણ કરી જમાડી સમુદ્ર રસ્તે વ્યાપાર માટે જવાની રજા માગી અને પોતપોતાના શકટો લઇને ગંભીરપોતપાટણે આવ્યા. ગંભીરપોત પટ્ટણ મોટું બંદર હોવાથી ત્યાં પોત પોતાના વહાણ સજ્જ કરાવીને તેમાં લાવેલા ક્રિયાણા ભર્યા, તેમજ ખોરાકીને માટે તંદુળ, આટો, તેલ, ઘૃત, ગોળ, દહીંના ગોરસ તથા મીઠા પાણીના બાજનો અને રસોઇ કરવાના વાસણો, ઔષધો, પથ્ય વસ્તુઓ, તૃણ, કાષ્ટ, અનેક પ્રકારના શસ્ત્રો તથા સુખડી પકવાનાદિક વહાણની અંદર ભરી લીધાં. પછી ભલી તિથિ, શુભકરણ, શુભનક્ષત્ર અને શુભ મુહુર્ત્તે સહ કુટુંબ પોતપોતાના વહાણ સમિપે આવ્યા. તે વખતે તેમનો પરિવાર મનોહર વાણી વડે કરીને આશીશ દેવા લાગ્યો કે તમે સંપૂર્ણ પણે વૃદ્ધિ પામો. ઘણા કાળ પર્યંત સમુદ્રે રક્ષા કર્યા છતા આનંદને ભોગવો અને અનર્ગળ દ્રવ્ય મેળવી, નિર્દુષણ, પાપ રહીત વ્યાપાર કરી ધન પરિવાર યુક્ત વહેલા પાછા આવો.

એ વખતે વહાણના ચલાવનારા મુખ્ય મુખ્ય સાંયાત્રિકોએ પોત પોતાની તૈયારીઓ કરી. રક્તચંદન અને બાવનાચંદનના થાપા દીધાં, પુષ્પાદિક વડે સમુદ્રની તથા વાયુની પુજા કરી, ધુપ ઉવેખ્યો, ધ્વજાપટ્ટ ઉંચા કર્યા. હલેસાંઓ સજ કરી સ્થાનક પર ગોઠવી દીધા; એટલે અનેક પ્રકારના વાજીંત્રો વાગવા લાગ્યા, પક્ષીઓ પણ શુભ શકુનના શબ્દ કરવા લાગ્યા એટલે સર્વ વ્યાપારીઓ પોત પોતાના વહાણ ઉપર ચડયા. ભાટ ચારણાદિકોએ મંગળીકના શબ્દો કહ્યા. પછી ચંદ્રમા સાથે પુષ્ય નક્ષત્રનો યોગ આવ્યેસતે વિજય મુહુર્ત્તે સાંયાત્રિકોએ વહાણના બંધન છોડયા, નાંગર ઉપાડયા અને વહાણને આગળ ચલાવ્યા. બંને બાજુના પવન પ્રેરીત ઉડતા શઢોવડે કરીને વિસ્તારીત પાંખોવાળા ગરૂડ પક્ષી ઉડતા હોયની ! એ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વા તે વહાણો શોભવા લાગ્યા. ગંગા નદીના સમુદ્રમાં જનાર તીક્ષ્ણ પ્રવાહના અનુકુળ વેગ વડે તે વહાણોએ લવણ સમુદ્રમાં પ્રવેશ કર્યો.

દ્વીપાંતરને વિષે જવાને ઈચ્છતા વ્યાપારીઓના મનની સાથે તે વહાણો પણ લવણ સમુદ્રમાં ઘણા યોજન ગયા એટલામાં એકદમ સેંકડો ઉત્પાત પ્રગટ થયા. અકાળે—વર્ષા ઋતુ વિના આકાશમાં મોટા ગર્જારવના શબ્દ થવા લાગ્યા, વીજળીના ચમકારા ચમકવા લાગ્યા અને એક મહા ભયંકર સ્વરૂપવાળો તાળપિશાચ પ્રગટ થયો; તેને દેખીને અરહન્નકશિવાયના સઘળા વ્યાપારીઓ અત્યંત ભયભ્રાંત થઇ ગયા અને એક બીજાની વચમાં ભરાઈ જવા લાગ્યા. તેમજ અનેક પ્રકારની દેવ દેવીઓની માનતાઓ કરવા લાગ્યા. કોઇ તો ઇંદ્રની પૂજા માને છે, કોઈ રૂદ્રની, કોઇ કાર્તિક સ્વામીની, કોઈ યક્ષની,કોઇ ભુતની, કોઇ વ્યંતરની અને કોઇ દુર્ગાદેવી વિગેરેની માનતા માને છે કે જો આ વિઘ્નમાંથી છુટશું તો અમે તમારી પૂજા કરશું આ પ્રમાણે અરહન્નક શિવાયના સર્વે વ્યાપારીઓ પોત પોતાના બચાવને માટે માનતા વિગેરે ઉપાયો કરવા લાગ્યા. હવે તે પ્રસંગે અરહન્નક શ્રાવક પુર્વોક્ત અત્યંત ભયંકર સ્વરૂપવાળા તાળપિશાચને આવતો દેખીને લગાર માત્ર બીનો નહી, ત્રાસ પામ્યો નહીં, ચળ્યો નહીં, હલ્યો નહીં, આકુળ વ્યાકુળ થયો નહીં, સંભ્રાંત થયો નહીં, ઉદ્વેગ પામ્યો નહીં, ખેદ યુક્ત થયો નહીં, વિશેષ શું કહીએ! મુખનો રંગ કે નેત્રનો વર્ણ પણ બદલાયો નહીં. જ્યારે પિશાચને નજીક આવતો જાણ્યો ત્યારે ઉભો થઇ વહાણના એક પ્રદેશમાં જઈ વહાણની ભુમિ પાસેના વસ્ત્રવડે પ્રમાર્જીને બેઠો અને બે હાથ જોડી ચોસઠ ઇંદ્રના પુજનીક ચોત્રીશ અતિશયવંત શ્રી અરિહંત દેવને નમસ્કાર કરી શક્રસ્તવનો પાઠ કહી એમ અભિગ્રહ કર્યો કે " જો આ ઉપસર્ગથી હું મુકાઉં તો મારે કાઉસગ્ગ પારવો કલ્પે અને ન મુકાઉં તો ચાર આહારનો ત્યાગ છે," આ પ્રમાણે સાગારી અણસણ કર્યું.

હવે તાળ પિશાચ બીજા સર્વ સ્થાનક તજી દઈને જ્યાં અરહન્નક શ્રાવક છે ત્યાં આવ્યો અને કહેવા લાગ્યો કે "અરે અરહન્નક અપ્રાર્થ્ય જે મૃત્યુ તેના પ્રાર્થક! વાંછક! તું તારા ગ્રહણ કરેલા પાંચ અણુવ્રત, ત્રણ ગુણ વ્રત અને પર્વતિથિએ પૌષધ કરવાના પ્રત્યાખ્યાન તથા સમકિત અને શિયળવ્રત એ સર્વને તજી દે—છોડી દે, જો નહીં છોડે તો હું તને બે આંગુળીના મધ્યમાં ગ્રહણ કરી સાત તાડ પ્રમાણ ઉંચો ઉપાડીને સમુદ્રના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાણીમાં બોળી દઈશ જેથી તું આર્તધ્યાનને વશ થયો થકો અસમાધિપણામાં અકાળે મૃત્યુ પામીને દુર્ગતિએ જઈશ" તાળપિશાચના આ પ્રમાણેના દુર્વચનને શ્રવણ કરીને અરહન્નક શ્રાવકે મને કરીને તેને આ પ્રમાણે કહ્યું કે "અહો દેવાનુપ્રિય! હે તાળપિશાચ! હું શ્રાવક છું, જીવાજીવાદિક નવ તત્વનો જાણ છું. અને નિશ્ચે મને નિર્ગ્રંથ પ્રવચન થકી ચળાવવાને, અન્યથા ભાવ કરવાને, ક્ષોભના પમાડવાને, શંશય ઉપજાવવાને તેમજ મનના અધ્યવસાય વિપરીત કરવાને ચાર પ્રકારના દેવતાઓમાંથી કોઈ પણ સમર્થ નથી. માટે તારી જે ઇચ્છા હોય તે કર; હું મારા સમકિત વ્રત અને નિયમાદિક પ્રાણાંતે પણ મુકવાનો નથી." આ પ્રમાણે અરહન્નક શ્રાવકે અબીહપણે મનમાં કહ્યું તે વખતે કિંચિત્ માત્ર મુખનો રંગ બગડ્યો નથી, નેત્ર પલટ્યા નથી, મૌન ભાવથી ચુક્યો નથી, શરીર કિંચિત્ ફરક્યું પણ નથી અને ધર્મ ધ્યાન યુક્ત રહ્યો છે. એ પ્રમાણે તેને દેખીને તાલપિશાચે બે વાર ત્રણવાર પૂર્વોક્ત વચન કહ્યા તો પણ તેને ધર્મધ્યાન યુક્ત દેખવાથી અત્યંત ક્રોધાકુળ થયો અને તેના વહાણને બે અંગુળીવડે ઉપાડીને સાત આઠ તાડ પર્યંત ઉંચુ આકાશમાં લઇ જઈ ફરીને અરહન્નક પ્રત્યે કહેવા લાગ્યો કે "હે અપ્રાર્થ્ય પ્રાર્થક! મૃત્યુ વાંચ્છક! હજુ પણ તું તારા વ્રત નિયમ તજી દે, નહીં તો અહીંથી પડયાસતા તારા પ્રાણ રહેવાના નથી" આવો ઉગ્ર ભય બતાવ્યા છતાં પણ લેશ માત્ર તેના પ્રણામ ચળ્યા નહીં એટલે તત્કાળ તે તાળપિશાચ પોતે ખેદ પામ્યોસતો તેને ઉપસર્ગ કરવા થકી નિવર્ત્યો અને ધીમે ધીમે વહાણને નીચું લાવીને જળ ઉપરમુક્યું, પછી પોતાના ભયકારી સ્વરૂપને સંહરીને દીવ્ય, ઉત્તમ અને મનોજ્ઞરૂપ પ્રગટ કરી આકાશમાં ઉભો રહ્યો થકો અરહન્નક શ્રમણોપાસક પ્રત્યે કહેવા લાગ્યો કે "અહો અરહન્નક! હે દેવવલ્લભ! તુજને ધન્ય છે, તારો જન્મ સફળ છે, તારૂં જીવીતવ્યકૃતાર્થ છે. નિર્ગ્રંથ પ્રવચનને વિષે તું ખરેખરો દૃઢ છું. હેદેવાનુપ્રિય શક્રદેવેંદ્રે સૌધર્મ દેવલોકમાં સુધર્માવંતસક વિમાનને વિષે સુધર્મા સભામાં બેશીને આજે કહ્યું કે" અહો દેવો! જંબુદ્વિપના ભરત ક્ષેત્રમાં ચંપાનગરીને વિષે અરહન્નક શ્રાવક નવ તત્વનો જાણ વસે છે તેને ધર્મથી ચળાવવા માટે ભુવનપતિ વ્યંતર જ્યોતિષિ કે વૈમાનિક ચારે પ્રકારના દેવતા કોઇ પ્રકારે સમર્થ નથી. ઈંદ્રનું આ વચન મેં સદહ્યું નહી. એમ ન વિચાર્યું કે 'ધન્ય છે એ શ્રાવકને અને એવી ધર્મ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દઢતા મને પ્રાપ્ત થાઓ, પણ ઉલટું એમ વિચાર્યું કે "હું એ અરહન્નક પાસે જાઉં અને જોઉં કે તેને ધર્મ કેવોક વલ્લભ છે વળી અનેક પ્રકારનું કષ્ટ દેતા સતા તે ધર્મથી ચળે છે કે નહીં, આ પ્રમાણે વિચારી અવધિજ્ઞાનવડે તને લવણ સમુદ્રમાં જાણી તત્કાળ ઉત્તર વૈક્રિય રૂપ કરીને અહીં આવ્યો અને તને મેં પ્રાણાંત ઉપસર્ગ કર્યા પરંતુ તું લગાર માત્ર ભય પામ્યો નહીં અને ધર્મથી ચળ્યો પણ નહીં માટે શક્રેંદ્રનું વચન સંપુર્ણ પણે સત્યજ છે. હવે અરહન્નક તું મારો આ અપરાધ ક્ષમા કર હું તને વારંવાર ખમાવું છું" આ પ્રમાણે કહીને એ દીવ્ય કુંડળ યુગળ તેને આપી તે દેવતા સ્વસ્થાનકે ગયો. અરહન્નકે પણ ઉપસર્ગ રહીત થવાથી પોતાનો કાઉસગ પાર્યો.

વહાણ અનુકુળ પવનવડે ત્યાંથી આગળ ચાલ્યાં અને બંદર કીનારાને પામ્યા એટલે ત્યાં વહાણ નાગરી માલ ઉતારીને ગાડાઓમાં ભર્યો. અનુક્રમે મિથિલા નગરીએ આવી નગરની બહાર અગ્ર નામના વનખંડમાં ગાડાંઓ રાખીને અરહન્નક શ્રાવકે રાજાને યોગ્ય બહુ મુલ્ય ભેટણું તથા દેવ સબંધી એક કુંડળ યુગળ લઇને મિથિલા નગરીમાં પ્રવેશ કર્યો અને જ્યાં કુંભરાજાની રાજ્ય સભા છે ત્યાં આવ્યો. રાજાને પ્રણામ કરી કુંડળ યુગળ યુક્ત ભેટણું સમીપે ધર્યું. રાજાએ બહુ પ્રસન્ન થઇ ભેટણાનો સ્વીકાર કર્યો અને મલ્લી રાજપુત્રીને રાજ્ય સભામાં બોલાવી તેને યોગ્ય કુંડળ યુગળ પહેરાવી વિસર્જન કરી. અરહન્નક વિગેરે વ્યવહારીઆઓને સારી રીતે આદર સત્કાર કરી તેમનુ દાણ માફ કર્યું અને નગરની મધ્યમાં તેમને ઉતરવાને માટે તેમને મોટા આવાસ આપ્યા. તેઓએ તરતજ રાજાની આજ્ઞા માગી પોતાને આપેલ આવાસમાં લાવેલો માલ ઉતાર્યો અને વ્યાપાર કરવા લાગ્યા. લાવેલો તમામ માલ સારા ભાવથી વેચી નાખ્યો અને પોતાના દેશમાં સારો ભાવ ઉપજે તેવો માલ પુષ્કળ ખરીદ કરી શકટો ભરી જ્યાં પોતાનાં વહાણો રાખ્યાં છે ત્યાં આવી વહાણ ભર્યા અનુકુળ પવનના યોગે વહાણ ચલાવીને થોડા કાળમાં પોતાની ચંપાનગરીને પરીસરે આવ્યા. બંદર કિનારે વહાણ નાગરી માલના ગાડાઓ ભરી ચંપાનગરીમાં આવ્યા.

અરહન્નક શ્રાવક સર્વે વ્યાપારીઓને સાથે લેઇ અમુલ્ય ભેટણું તથા દેવ સબંધી એક કુંડળ યુગળ સાથે રાખીને પોતાના ચંદ્રચ્છાય નામના રાજાની રાજ્ય સભામાં આવ્યો અને ભેટણું તેમની સમિપે મુક્યું. રાજા કુંડળ યુગળ જોઇ બહુજ પ્રસન્ન થયો પછી તેઓને પુછ્યું કે "હે વ્યાપારી-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઓ ! તમે જળવટ થળવટના વ્યાપાર નિમિત્તે વારંવાર દેશપ્રદેશ જાઓછો અને તમે ઘણા દેશ અને ઘણી નગરીઓ વિગેરે જોયું છે તેમાં કોઇ સ્થાનકે કાંઇ આશ્ચર્યકારક જોયું હોયતો કહો. ” વ્યાપારીઓએ કહ્યું કે ‘હે રાજેંદ્ર! અમે અનેક વખત વ્યાપાર નિમિત્તે ગયા છીએ અને અનેક આશ્ચર્યો જોયાછે પરંતુ આ વખત જ્યારે અમે વ્યાપાર નિમિત્તે ગયા ત્યારે ફરતા ફરતા મિથિલા નગરીએ ગયા હતા અને ત્યાંના કુંભ નામે રાજાને આપની સદૃશજ ભેટણું અને કુંડળ યુગળ લઈ જઇને મળ્યા હતા. તે પ્રસંગે તે કુંભ નૃપતિએ રાજ્ય સભામાં પોતાની મલ્લી નામે રાજપુત્રીને બોલાવી અને દીવ્ય કુંડળ યુગળ પહેરાવ્યા. એ રાજપુત્રીના સરખી કોઇ દેવકન્યા યક્ષકન્યા નાગકન્યા કે ગાંધર્વકન્યા પણ નથી એવી અદ્ભુત રૂપવતી છે. આ આશ્ચર્ય અમે બહુ શ્રેષ્ટ જોયું છે. ” રાજાએ તેમના ઉત્તરને સાંભળીને પછી તેમનો સારી રીતે આદર સત્કાર કર્યો, વસ્ત્રાદિક વડે સન્માન કર્યું, દાણ માફ કર્યું, અને સ્વસ્થાનકે જવાની રજા આપી.

હવે ચંદ્રચ્છાય રાજાને તે વ્યાપારીઓના વચન વડે મલ્લીકુંવરી ઉપર અત્યંત રાગ ઉત્પન થયો એટલે તરતજ પોતાના દુતને તેડાવીને મિથિલા નગરીએ જવાની આજ્ઞા કરી અને રાજ્યના બદલામાં પણ મલ્લીકુંવરીની યાચના કરવા કહ્યું. દુત પણ તરતજ રજા લઇ પોતાનો રથ સજ્જ કરી યોગ્ય પરિવારને સાથે લેઈ ચાલ્યો તે અનુક્રમે મિથિલાનગરીએ આવ્યો.

ઇતિ દ્વિતીય દુતાગમન. અપૂર્ણ

---

# प्रतिक्रमण.

( સાંધણ પાને ૫૮ થી. )

વાંદણા દઇ રહ્યા પછી સમ્યક્ પ્રકારે શરીર નમાવી, પૂર્વે કાયોત્સર્ગમાં ધારણ કરી રાખેલા દિવસ સંબંધી અતીચારની, ચારિત્રની વિશુદ્ધિ કરવાના હેતુથી इच्छाकारेण संदिसह भगवन् देवसियं आलोएमि એ સૂત્ર બોલી ગુરૂ સમક્ષ આલોચના કરવી. કહ્યું છે કે—

**सम्ममवणयंगो करजूय विहि धरिय पुत्ति रयहरणो ।**
**परिचिंतिए इआरे जह कमं गुरु पुरो विअडो ॥**

“સમ્યક્ પ્રકારે શરીર નમાવી, હસ્ત જોડી, વિધિ પ્રમાણે મુહપત્તિ અને રજોહરણ ધારણ કરી ચિંતવન કરેલા અતીચાર યથાક્રમે ગુરૂ સમીપે વિસ્તારે—આલોચે.”

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એ પ્રમાણે દિવસ સંબંધી અતીચાર આલોચીને મન, વચન અને કાયાના સર્વ અતીચારને સંગ્રહણ કરનારૂં 'सव्वस्सविदेवासिय' એ સૂત્ર બોલી 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્' એ વાકય પૂર્વક ગુરૂ પાસે પ્રાયશ્ચિત્ત માગે. ગુરૂ પણ 'पडिक्कमेह' એ પ્રમાણે કહી પ્રતિક્રમણરૂપ બીજા પ્રાયશ્ચિત્તનો ઉપદેશ કરે. દશ પ્રકારના પ્રાયશ્ચિત્તમાં આલોચના એ પ્રથમ પ્રાયશ્ચિત્ત અને પ્રતિક્રમણ એ દ્વીતિય પ્રાયશ્ચિત્ત છે. દશ પ્રકારના પ્રાયશ્ચિત્ત નીચે પ્રમાણે—

**आलोयण पडिक्कमणे मीस विवेगे तहा वि उस्सग्गे ।**
**तव छेय मूल अणवट्ठयाय पारंचिए चेव ॥**

આલોચન, પ્રતિક્રમણ, મીશ્ર, વિવેક, કાયોત્સર્ગ, તપ, છેદ, મૂલ, અનવસ્થાપ્ય અને પારાંચિક એ દશ પ્રાયશ્ચિત્તની વ્યાખ્યા—આલોચન એટલે મર્યાદા પૂર્વક ગુરૂ સમક્ષ લાગેલા અતીચારનું પ્રકટ કરવું તે. ચેષ્ટા નિમિત્તે સમિત્યાદિ અતીચારના લેશરૂપ સુક્ષ્મ આશ્રવ ક્રિયા થઇ હોય તેની શુદ્ધિને અર્થે આલોચના પ્રાયશ્ચિત્ત છે. તે આલોચના ગમનાગમનાદિ અવશ્ય કાર્યને વિષે સમ્યક્ ઉપયોગવાળા નિરતીચારવંતને જાણવી; અતીચાર સહીત દોષને માટે તો તેની ઉપરના પ્રતિક્રમણ પ્રાયશ્ચિત્તનો સંભવ છે. તે પણ છદ્મસ્થને છે. કેવલ જ્ઞાનીને તો કૃતકૃત્યત્વપણાથી આલોચના વિગેરે પ્રાયશ્ચિત્તોનો અભાવ છે. સર્વ ક્ષેત્રનું પ્રતિલેખન, સ્થંડિલનું અન્વેષણ, ગુરૂ આજ્ઞાથી બહાર નીકળવું અને સંલેખના કરવી વગેરે વ્યાપારમાં સો હાથથી બહાર આચરણ કર્યું હોય અને તે ગુરૂ પાસે આલોચે નહિ તો અશુદ્ધ અને સમિત્યાદિ અતીચાર લેશને આલોચે તો શુદ્ધ જાણવો. સો હાથની મધ્યેના આચરણમાં પણ પ્રશ્રવણાદિક (માત્રા વગેરે)ની આલોચના કરવી અને કાંઇ ખેલ, ક્ષીટ, મેલ વગેરેનું કાઢવું, બેસવું ઊઠવું, બગાસું ખાવું, શરીર પ્રસારવું અથવા સંકોચવું, ઊશ્વાસ નિઃશ્વાસ લેવો વગેરે ક્રિયાની આલોચના કરવી નહિ. કારણ કે સૂત્રની પ્રવૃત્તિ એવી છે માટે એ વિધિવાળાની બીજી રીતે આલોચના વિના પણ શુદ્ધિજ છે. આ ઠેકાણે કોઇના મનમાં એવી આશંકા આવે કે 'યથોક્ત વિધિએ કરેલા કૃત્યોને માટે પણ આલોચના પ્રાયશ્ચિત્ત લેવું પડે તો કાંઇ પણ કરવુંજ નહિ અને વ્રત લઇને અનશનજ કરવું એ ઊત્તમ છે.' એવી આશંકા કરનારે સમજવું કે સૂત્રકારની એવી આજ્ઞા નથી, કારણ કે એ પ્રમાણે વર્ત્તતા તો તીર્થનો ઉચ્છેદ થઇ જાય, અને કોઈ કોઇને બોધ કરે નહિ અથવા કોઈ કોઈથી બોધ પામે પણ નહિ. જેમ મલીનતાની શંકાથી કોઇ માણસ વસ્ત્રજ પહેરે નહિ તો વસ્ત્ર રહિત ફરવાથી તે પશુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તુલ્ય ગણાય તેમ ચારિત્રને વિષે પણ આલોચનાની શંકાથી ક્રિયા કરે ન તો પશુત્વાપત્તિ થાય. જેમ વસ્ત્ર પહેરવા અને તે મલીન થાય તો તેને જળવડે નિર્મળ કરવા એ ઉત્તમ છે તેમ ચારિત્રને વિષે પણ કરવા યોગ્ય ક્રિયા કરવી અને તે કરવામાં લાગેલા અતીચારરૂપ મેલને આલોચના પ્રાયશ્ચિત રૂપ જળવડે સાફ કરવો એજ ઉત્તમ છે.

૨ ઈર્યાસમિતિ વગેરેમાં સહસાત્કાર અને અનાભોગથી, માર્ગમાં વાતો કર્યાથી અને ગૃહસ્થ ભાષા બોલવાથી–વગેરે પ્રમાદે કરીને જે દોષ લાગ્યા હોય તેને માટે મિથ્યાદુષ્કૃત દેવું એ પ્રતિક્રમણ પ્રાયશ્ચિત્ત.

૩ ઈંદ્રિયોના શબ્દાદિ વિષયને અનુભવીને કોઈને શંકા થાય કે શબ્દાદિવિષયમાં મને રાગદ્વેષ થયો કે નહિ? તે શંકા વિષયે આલોચના પૂર્વક મિથ્યાદુષ્કૃત દઈ શુદ્ધ થવું એ મીશ્ર પ્રાયશ્ચિત

૪ અનેષણીય આહાર શુદ્ધ બુદ્ધિથી ગૃહણ કર્યા પછી અશુદ્ધ જણાયેલ. પ્રથમ પોરસિએ આણેલો આહાર ચતુર્થ પોરસિ સુધી રાખવાથી કાળાતીત થયેલ, અર્ધયોજન ઉપરાંતથી આણેલો અથવા મંગાવેલો ક્ષેત્રાતીત થએલ આહાર અને સુર્યોદય થયા શિવાય તથા સુર્યાસ્ત થયા પછી ઉદય થયાની અને અસ્ત નહી થયાની બુદ્ધિએ ગૃહણ કરેલ આહાર—વગેરે અશુદ્ધ આહારનો ત્યાગ કરવો એ વિવેક પ્રાયશ્ચિત.

૫ કાયચેષ્ટાનો નિરોધ કરી ઉપયોગ માત્રે દુઃસ્વપ્ન જનિત દોષ વિગેરેની શુદ્ધિ કરવી તે કાયોત્સર્ગ પ્રાયશ્ચિત્ત.

૬ સચિત અથવા પૃથ્વીકાયાદિનો સંઘટ્ટ થવાથી લાગેલા દોષની, ગુરૂના બતાવ્યા પ્રમાણે નીવીથી તે છ માસના ઉપવાસ પર્યંતના તપથી શુદ્ધિ કરવી તે તપ પ્રાયશ્ચિત.

૭ થયેલા દોષને માટે વ્રતારોપણ કાળથી તે પાંચ અહો રાત્રીના પર્યાયનો દુષણના ક્રમ પ્રમાણે છેદ કરવો તે છેદ પ્રાયશ્ચિત- જેમ દુષ્ટ વ્યાધિના દોષથી શરીરના એક ભાગનો શેષ અવયવની રક્ષાને માટે છેદ કરવો તેમ શેષ પર્યાયની રક્ષાને માટે દુષણના પ્રમાણમાં વ્રતપર્યાયનો છેદ કરવો. જે માણસ તપથી પણ દુર્દમ હોય, છ માસનો અથવા તેથી પણ ઉત્કૃષ્ટ તપ કરવાને સમર્થ હોય, એવા ભારે તપથી પણ શું ! એમ બોલી તપના ગર્વવાળો હોય, તપ કરવાને અસમર્થ હોય, ગ્લાન બાળ અથવા વૃદ્ધ હોય, તપની શ્રદ્ધાવિનાનો હોય અને નિષ્કારણે અપવાદમાર્ગ સેવવાની રૂચિવાળો હોય તેને માટે આ પ્રાયશ્ચિત છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૮ જાણીને પંચેંદ્રિય નો વધ કરનાર, અહંકારથી મૈથુન સેવનાર, મૃષાવાદ, અદત્તાદાન અને પરિગ્રહ સંબંધી ઉત્કૃષ્ટ દોષને સેવન કરનાર, અને જાણીને પુનઃપુનઃ દોષ કરનારને તે દોષની શુદ્ધિને માટે મૂળ પર્યાયથી છેદ કરી ફરી વ્રતારોપણ કરવું તે મૂળ પ્રાયશ્ચિત્ત.

૯ મરણની નિરપેક્ષાએ પોતાને અથવા પરને ઘોર પરિણામથી યષ્ટિ-મુષ્ટિનો પ્રહાર કરનારને જ્યાં સુધી ઊચિત તપ ન કરે ત્યાં સુધી વ્રતને વિષે ન રાખવો. ઊચિત તપ એવો કે તેનામાં ઉઠવા બેસવાની શક્તિ ન રહે અને જ્યારે ઊઠવું હોય ત્યારે બીજાની પ્રાથના કરે કે આર્ય ! હું ઉઠવાની ઈચ્છા કરૂં છું, સામો માણસ તેની સાથે બોલ્યા વિના તે પ્રમાણે કરે—એટલે સુધી તપ કરે ત્યારે તેની ઊથ્થાપના કરવી અર્થાત વ્રતારોપ કરવો તે અનવસ્થાપ્ય પ્રાયશ્ચિત્ત.

૧૦ સાધ્વી અથવા રાજાની રાણીને ભોગવનાર, સાધુ અથવા રાજાનો વધ કરનાર વગેરે દોષ સેવનારને વેશ પ્રછન્નપણે રાખી જીનકલ્પીની સદૃશ ક્રિયા કરતો ક્ષેત્રની બ્હાર વિચરી સારી રીતે તપતપી તીર્થની પ્રભાવના કરે ત્યારે પુનઃ વ્રતારોપ કરવો તે પારાંચિત પ્રાયશ્ચિત. તેની મુદત જધન્યે છમાસ અને ઊત્કૃષ્ટે બાર વર્ષની સમજવી.

એ પ્રમાણે દશ પ્રાયશ્ચિત્ત છે. તેમાં છેલ્લું પ્રાયશ્ચિત્તઆચાર્ય અને કોઈ મહા સત્વવંતનેજ હોય. ઉપાધ્યાયે પારાંચિક પ્રાયશ્ચિત્તને લાયક અપરાધ કર્યો હોય તોપણ તેને અનવસ્થાપ્ય પ્રાયશ્ચિત્ત અપાય માટે તેને અનવસ્થાપ્ય પ્રાયશ્ચિત સુધી જાણવું. સામાન્ય સાધુ તો નવમા દશમા પ્રાયશ્ચિતને લાયક દોષ કર્યો હોય તોપણ મૂલ પ્રાયશ્ચિત્ત સુધી ને લાયક ગણાય. અનવસ્થાપ્ય પ્રાયશ્ચિત્ત કેટલાક દોષને માટે જધન્ય છ માસ સુધી અને ઊત્કૃષ્ટ વર્ષ સુધીનું અપાય છે તથા કેટલાક દોષને માટે જધન્ય વર્ષ અને ઊત્કૃષ્ટ બારવર્ષ પર્યંત અપાયછે. તીર્થંકર ગણધર અને પ્રવચનના તીરસ્કાર કરનારને માટે પ્રથમ મુદત કહી છે, અને હાથે કરીને કોઇને મારનાર તથા સ્વધર્મી અથવા અન્ય ધર્મીની ચોરી કરનાર વગેરે દોષ સેવનારને માટે બીજી મુદત કહીછે. આ દશ પ્રાયશ્ચિત માંહેના છેલ્લા બે પ્રાયશ્ચિતનો ચૌદ પૂર્વી અને પ્રથમ સંહનનનો વિચ્છેદ થવા સાથે વિચ્છેદ સમજવો અને બાકીના આઠ પ્રકારના પ્રાયશ્ચિત્ત **દુપ્પસહસૂરિ** પર્યંત એટલે પાંચમા આરાના છેડા પર્યંત જાણવા

પ્રતિક્રમણ એ દશ પ્રાયશ્ચિત્ત માંહેનું બીજું પ્રાયશ્ચિત્ત છે. તેનો અર્થ આ પ્રમાણે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



स्वस्थानाद्यत्परस्थानं प्रमादस्यवशाद्गतः ।
तत्रैव क्रमणं भूयः प्रतिक्रमण मुच्यते ॥

પ્રમાદ વશે પોતાના સ્થાનથી પરસ્થાને ગયેલા એ મૂળસ્થાને પાછું ફરવું તેનું નામ પ્રતિક્રમણ. અપૂર્ણ

# संस्कृत जैन ग्रंथो.

ઘણા અન્યધર્મીઓ તો એમજ જાણતા અને હજીપણ એમજ જાણે છે કે જૈન ધર્મના ઘણા ગ્રંથો નથી અને જે છે તે માગધી ભાષામાં જ છે, પરંતુ એતો હવે પ્રસિદ્ધ થઈ ચુકયું છે કે જૈન ધર્મના લાખો પુસ્તકો છે અને તેમાં મૂળ સૂત્રો શિવાય બાકીના ગ્રંથોનો મોટો ભાગ સંસ્કૃત ભાષામાં છે. અર્વાચીન સમયમાં શ્રાવકોની જ્ઞાન ઉપર ઓછી પ્રીતિ હોવાને લીધે તેઓને પોતાની આ મીલકતની ખબર નહોતી તો તેઓ બીજાને એ સંબંધી ક્યાંથી ખબર આપી શકે. હાલમાં કાંઇક જ્ઞાન ઉપર પ્રીતિ થઈ, કેટલાક વિદ્વાન અને જ્ઞાન મેળવવાની રૂચિવાળા સાધુઓએ જ્યાં ત્યાંથી વસાઈ રહેલા ભંડારો ઊઘાડી તેમાંના પુસ્તકો જોયા અને શોધ કબુદ્ધિના ઈંગ્રેજોએ પણ સ્થળે સ્થળેથી ગ્રંથો લઈ હજારો ગ્રંથો મેળવ્યા ત્યારે આ વાત સારી રીતે પ્રસિદ્ધિમાં આવી. હજી સુધી પણ બીજાઓની તો શું વાત કરવી પણ જૈનધર્મ માનનારના મ્હોટા ભાગનું અથવા તમામનું એમજ માનવું હતું કે 'જૈનધર્માચાર્યોના બનાવેલા વ્યાકરણ, કાવ્ય, કોષના ગ્રંથો નથી, તેઓએ તો ફક્ત ધર્મ તત્વોનાજ ગ્રંથો બનાવ્યા છે; ફક્ત શ્રીમાન્ હેમચંદ્રાચાર્યનું બનાવેલું એક વ્યાકરણ છે તે કોઈ ભણી શકે તેવું નથી અને ભણાવનાર પણ નથી.' આ ધારવું ખોટું છે કે સાચું તેની શોધ કર્યા વિના શું ખબર પડે. હાલમાં પાલીતાણામાં એક જૈન સંસ્કૃત પાઠશાળા થઈ તેને યોગે આ બાબતમાં તપાસ કરતા કેટલોક નવો શોધ થઈ શક્યો છે અને ઉપલી ધારણા તદ્દન ખોટી હતી એવું જણાયું છે. તપાસ કરતા અત્યાર સુધીમાં જે જે જણાયું છે તેનો સાર નીચે પ્રમાણે છે.

શબ્દાનુશાસન નામે શ્રીમાન્ હેમચંદ્રાચાર્યનું બનાવેલું વ્યાકરણ છે તેની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્વોપજ્ઞ બૃહદ્વૃત્તિ ૧૮૦૦૦ શ્લોકની અને લઘુવૃત્તિ ૬૦૦૦ શ્લોકની છે. વળી તે ઉપર ન્યાસ નામે ટીકા ૮૦૦૦૦ શ્લોક પ્રમાણે છે. એજ શબ્દાનુશાસનના મૂળસૂત્રોની જુદી અષ્ટાધ્યાયી છે. આઠમો અધ્યાય સર્વમાં માગધી વ્યાકરણનો છે. એ આઠમા અધ્યાય ઉપર બીજા કોઇ આચાર્યની બનાવેલી ઢુંઢીકા નામે ટીકા છે. આ શબ્દાનુશાસન જેને સઘળા મ્હોટું અને નભણી શકાય એવું વ્યાકરણ ગણે છે તેવું નથી સારા બુદ્ધિવાળા એ સહેલાઈથી શીખી શકે તેવું છે અને પાલીતાણા પાઠશાળાના અધ્યક્ષ એ ભણાવી પણ શકેછે. હાલ એક બે સાધુ મહારાજા તેનો અભ્યાસ કરે પણ છે.

શ્રી મેઘવિજયજી ઉપાધ્યાયના બનાવેલા ત્રણ વ્યાકરણ સંભળાય છે. આમાંના પ્રથમ વ્યાકરણનું નામ ચાંદ્ર—ચંદ્રપ્રભા અથવા જૈનેંદ્ર છે એની શ્લોક સંખ્યા ૬૦૦૦ છે. એ વ્યાકરણ અમારી પાસે આવેલું છે; બીજું મધ્ય વ્યાકરણ ૩૫૦૦ શ્લોક સંખ્યાનું છે એવું સાંભળ્યું છે; અને ત્રીજું માત્ર છશેં શ્લોકનું વ્યાકરણ છે તે હાલ અમારી પાસે નથી પણ મુનિ મહારાજ શ્રી ગન્વૃદ્ધિચંદજી મહારાજે જોયેલું છે. તેમની પાસે હતું પણ ખરૂં.

શ્રી વિનયવિજયજી ઉપાધ્યાય કૃત બહુજ સરલ 'લઘુ હૈમ પ્રક્રિયા' નામે વ્યાકરણ છે જેની શ્લોક સંખ્યા સુમારે (૨૫૦૦) છે.[૧] એ વ્યાકરણની ઉપર સ્વોપજ્ઞ ટીકા ૧૬૦૦૦ શ્લોકની છે.

બુદ્ધિ સાગર નામે વ્યાકરણ પણ જૈનાચાર્ય કૃત છે તેની સંપૂર્ણ પ્રત અમને મળી નથી પણ ચોકસ જગ્યાએ છે.

હેમચંદ્રાચાર્યના વ્યાકરણમાં બતાવેલ ધાતુના અર્થ અને રૂપને બતાવનાર 'ક્રિયારત્ન સમુચ્ચય' નામે વ્યાકરણ ગ્રંથ છે.

આટલું તો વ્યાકરણ સંબંધે જણાયું છે. કોષમાં શ્રીમાન્ હેમચંદ્રાચાર્ય કૃત અભિધાન ચિંતામણિ (નામમાળા) નામે કોષ સુમારે ૧૪૦૦૦ શ્લોક સંખ્યાનો છે. અને બીજો અનેકાર્થસંગ્રહ નામે કોષ તેમનોજ કરેલો છે જેની ઉપર સ્વોપજ્ઞ વૃત્તિ સુમારે ૧૫૦૦૦ શ્લોકની છે તે હેમચંદ્રાચાર્યના શિષ્ય મહેંદ્રાચાર્ય વિરચિત છે પણ તેની ઉપર કર્ત્તા તરીકે નામ ગુરૂ મહારાજાનું જણાવ્યું છે. એ શિવાય એકાક્ષરી કોષ (૫૦) શ્લોકનો છે. તથા માગધી શબ્દોને માટે દેશી નામમાળા છે.

કાવ્યમાં શ્રીમાન્હેમચંદ્રાચાર્ય કૃત દ્વયાશ્રય કાવ્ય સ્વોપજ્ઞ વૃત્તિવાળું ૧૮૦૦૦

૧ આ વ્યાકરણ સભા તરફથી છપાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્લોકનું છે. આમાં સિદ્ધરાજ અને કુમારપાળ વગેરે રાજાઓના ચરિત્ર અને તે સાથે શબ્દાનુશાસનના અનુક્રમ પ્રમાણે વ્યાકરણના સૂત્રો સિદ્ધ કર્યા છે. આવું દરેક શ્લોકમાં બે હકીકત બતાવનારૂં કાવ્ય તો કોઈ પણ નથી. ત્રિષષ્ટિ-શલાકા પુરૂષ ચરિત્ર નામે કાવ્ય[1] સુમારે (૫૦૦૦૦) શ્લોક સંખ્યાનું છે અને પરિશિષ્ટપર્વ નામે કાવ્ય[2] જેમાં સ્થવિરાવળી ચરિત્ર છે તે સુમારે ૩૫૦૦ શ્લોકનું છે. આ બંને કાવ્યના કર્ત્તાપણુ શ્રીમાન્હેમચંદ્રાચાર્ય છે. એ શિવાય નેમિનિર્વાણ કાવ્ય, જૈનકુમાર સંભવ,[3] નેમિદૂત,[4] જૈન મેઘદૂત (સટીક), જયંતવિજય કાવ્ય, ગૌતમીય કાવ્ય, ધર્મ શર્માભ્યુદય કાવ્ય,[5] ચંદ્રપ્રભ ચરિત્ર,[6] વાસુપૂજ્ય ચરિત્ર, હીરસૌભાગ્ય કાવ્ય,[7] વિજય પ્રશસ્તિ કાવ્ય[8]–'વગેરે' કાવ્યો જણાયા છે અને જોવામાં આવ્યા છે. આ શિવાય રંભામંજરી અને કર્પુરમંજરી નામે જૈન નાટીકા છપાયેલ છે.

ન્યાયમાં સ્યાદ્વાદમંજરી સ્યાદ્વાદરત્નાકરાવતારીકા અને સમ્મતિતર્ક વિગેરે અનેક જૈન ગ્રંથો છે તેના નામ વિગેરે પ્રસંગોપાત્ બાહાર પાડશું.

શ્રીમાન હેમચંદ્રાચાર્ય કૃત લિંગાનુશાશન સ્વોપજ્ઞ લઘુ અને બૃહદ્‌વૃત્તિ સહીત છે તથા જેમાં સંસ્કૃત અને માગધી બંને ભાષાના છંદ બનાવવાની રીતિ બતાવેલી છે એવો છંદાનુશાસન નામે ગ્રંથ છે.

આ પ્રમાણે ટુંકી મુદતમાં આટલું તો જણાયું છે. એ સિવાય હજી પણ બીજા ઘણા ગ્રંથો હશે. એમ સાંભળ્યું છે કે શ્રીમાન્ મલયગીરી આચાર્યે તથા શ્રીઅભયદેવસૂરિજીએ બનાવેલી ટીકામાં પોતાના કરેલા વ્યાકરણ સંબંધી જણાવ્યું છે, એ વાત જો ખરી હોય તો તે

---

૧ ત્રિશષ્ટિ શલાકા પુરૂષ ચરિત્ર કાવ્યનું પ્રથમ પર્વ જેમાં શ્રી ઋષભદેવ ભગવાનનું ચરિત્ર છે તે આ સભા તરફથી થોડી મુદતમાં છપાવાનું છે.

૨ આ કાવ્ય બંગાળાની રોયલ એશિયાટીક સોસૈટી તરફથી છપાયું છે.

૩ જૈનકુમાર સંભવમાં શ્રી ઋષભદેવ સ્વામીના વિવાહનું વર્ણન છે.

૪ નેમિદૂત કાવ્ય સમશ્લોકી ભાષાંતર અને અર્થ સાથે આ ચોપાનીયામાં છપાય છે.

૫–૬ આ કાવ્યો કાવ્યમાળા નામે ચોપાનીયામાં છપાયા છે.

૭ હીર સૌભાગ્ય કાવ્યમાં હીર વિજય સૂરિનું ચરિત્ર છે. એ એમના શિષ્યે બનાવેલ છે.

૮ વિજય પ્રશસ્તિ કાવ્યમાં વિજયગચ્છની પરંપરા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વ્યાકરણ હેમચંદ્રાચાર્યના શબ્દાનુશાશનની અગાઉનું નીકળે. પરંતુ આ બાબતમાં ખાત્રી માત્ર એટલીજ છે કે આપણા લોકોની જ્ઞાન ઉપર જોઈએ તેવી પ્રીતિ નથી. ઘણા અબુધ જનો પોતાના તાબાના ભંડારો કોઈને જોવા પણ દેતા નથી. જો આમ કાયમ રેહે તો કેવા કેવા અને કેટલાં ગ્રંથો છે તેની શી ખબર પડે; માટે અમારી આ વિષય લખી એવી નમ્ર પ્રાર્થના છે કે જે મુનિ મહારાજાએ આ શિવાય વ્યાકરણ કાવ્ય, કોષ કે અલંકાર વિગેરેના જૈનગ્રંથો જોયા હોય તેઓએ કૃપા કરી અમને લખી જણાવવું જેથી અમે એ ગ્રંથોની હયાતી વિષે લખી શકશું.

વળી જે શેહેરમાં મ્હોટા મ્હોટા ભંડારો છે તે ભંડારના ઉપરી સાહેબો જો અમારા તરફ તેમના તાબાના ભંડારની ટીપની નકલ મોકલી આપશે તો અમે તેમનો આભાર માનશું, તેમાં રહેલા ગ્રંથોનો તે ઉપરથી ભણનારા લાભ મેળવી શકશે, પ્રછન્ન ગ્રંથો પ્રસિદ્ધિમાં આવશે અને તેઓએ ભંડારના ઉપરી તરીકેની પોતાની ફરજ બજાવી ગણશે. તથાસ્તુ

# संबोध सत्तरी.

## લોભ ઉપર સુભૂમચક્રવર્તિની કથા.

[ અનુસંધાન પાને ૧૨૨ થી ]

**પરશુરામે** સાતવાર નિઃક્ષત્રી પૃથ્વી કરી હતી એટલે તેના વૈરથી સુભૂમ ચક્રવર્તિએ એકવીશવાર અબ્રાહ્મણી પૃથ્વી કરી અને ચક્ર રત્નવડે છખંડ પૃથ્વી સાધી ચક્રવર્તિપણું સિદ્ધ કર્યું.

હવે તેના હૃદયમાં લોભ સમુદ્રના તરંગવૃદ્ધિ પામ્યા. છ ખંડ ઋદ્ધિવડે પણ તેનો પ્રજ્વળીત લોભાગ્નિ શાંત થયો નહીં. તે વિચારવા લાગ્યો કે છ ખંડ તો બધા ચક્રવર્ત્તિ સાધે છે તો તેમનામાં અને મારામાં અંતર શો? હું તે બધાથી વિશેષ કેમ કહેવાઉં? માટે મારે તો ધાતકી ખંડ માંહેના ભરતક્ષેત્રના બીજા છ ખંડ સાધવા એટલે હું બમણી ઋદ્ધિવાળો ચક્રવર્ત્તિ કહેવાઉં. આ પ્રમાણે વિચાર કરી પોતાના સર્વ લશ્કરને ચર્મરત્ન ઉપર ચડાવી લવણ સમુદ્રની ઉપર આકાશ માર્ગે પ્રયાણ કર્યું. અસંભવિત બનાવ કદી પણ બની શકતો નથી, કોઈ પણ ચક્રવર્ત્તિ બીજા છ ખંડ સાધે એ બન્યું નથી અને બનવાનું પણ નથી. અત્યંત લોભની વૃદ્ધિ પ્રાંતે હાની કારકજ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થાય છે, એના દૃષ્ટાંતમાં આ હકીકત પરિપૂર્ણ મળતી છે. સુભૂમને પણ विनाश काले विपरीत बुद्धिः એ વચન પ્રમાણે થયું. છ ખંડની ઋદ્ધિ છતાં તેનો લોભ સમાયો નહી. વિચારો કે તેને છ ખંડની ઋદ્ધિમાં શું કમી હતી? નવનિધાન મળવાથી કઈ બાબત તેને અપ્રાપ્ત હતી? માત્ર તેના એક શરીરને માટે ઉપભોગમાં શું ઓછાશ હતી? દેવાંગના સદૃશ ચોસઠ હજાર તો સ્ત્રીઓ હતી, આખા ભરત ક્ષેત્રમાં તેની જોડનો કોઈ પુરૂષ નહોતો, ઇંદ્રીયોના ઉપભોગના પારાવાર સાધનો હતાં તે છતાં પણ તેનો લોભાગ્નિ શાંત થયો નહીં, ઉલટો વૃદ્ધિ પામ્યો અને તેથી અસંભાવ્ય કાર્યનો તેણે આદર કર્યો.

લવણ સમુદ્રના મધ્યભાગમાં પહોચ્યો કે સમકાળે ચર્મરત્નના અધિષ્ઠિત હજારે દેવતાઓનું મન અન્યકાર્યમાં લલચાયું. પુન્ય દશા ફરી, આ પુષ્યનો અંત આવ્યો, સમકાળે સર્વ પરિવારના તથા લશ્કરના પાપ પણ આવી મળ્યા એટલે તે સર્વ દેવતાઓએ પૃથક્ પૃથક્ " મારા એક વિના કાંઈ અટકવાનું નથી " એવો વિચાર કરીને એક સાથે ચર્મરત્નને ઉપાડવું મુકી દઈ પલાયન કર્યું એટલે તત્કાળ ચર્મરત્ન સમુદ્રમાં પડી તેને તળીએ જઈને બેઠું. સુભૂમની સાથે સર્વ લશ્કર તથા પરિવારના પ્રાણ પણ નાશ પામ્યા. સુભૂમચક્રવર્ત્તિ મૃત્યુ પામીને કષાયના તીવ્ર ઉદયથી અને અનેક પ્રાણીઓના વિનાશવડે આખા જન્મમાં બાંધેલા અપરિમિત પાપના પ્રબંધથી સાતમી નરક પૃથ્વીને વિષે ૩૩ સાગરોપમને આયુષે ઉત્પન્ન થયો.

લોભી મનુષ્યની પ્રાંતે આ ગતિ છે. માટે સુજ્ઞ જનોએ વૃદ્ધિ પામતી તૃષ્ણાના વેગમાં ધસડાતા મનને રોકી રાખવું અને પરિગ્રહાદિકનું પ્રમાણ કરવું. મનને સ્વેચ્છાએ ગતિ કરવા ન દેવી. ઇચ્છા વૃદ્ધિ પામ્યા પછી અને તેને સ્વેચ્છાચારિણી કરી દીધા પછી તે કુલટા સ્ત્રીની જેમ વશ રહેતી નથી અને દુર્ગતિએ પહોચાડે છે ત્યારેજ રહે છે.

લોભના સંબંધમાં આ કથા લખીને ચાર કષાય સબંધીની ૬૯ મી ગાથાનો અર્થ સંપૂર્ણ કર્યો છે. હવે આગળ ગ્રંથ કર્તા ભવ્યજીવોના ઉપગારને નિમિત્તે બીજો ઉપદેશ કરે છે.

અપૂર્ણ.

---

# वर्तमान समाचार.

શ્રી નેપાણીમાં પ્રતિષ્ઠા—કોલાપુર જીલ્લાના નેપાણી નામે ગામમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગયા માગશર શુદી ૬ ઠે પ્રતિષ્ઠાનો મહોચ્છવ બહુ પ્રશંસા પાત્ર થયો છે. કેટલીક વખત મોટા શહેરા કરતાં પણ નાના શહેરા એવી બાબતમાં આગળ પડતા થાય છે. અંહી પ્રતિષ્ઠાના કાર્યમાં બે ગ્રહસ્થો જેના નામ અમને મળ્યા નથી તેમણે સુમારે ૨૫ હજાર રૂપૈઆ ખરચ્યા છે. દેરાસરજીમાં ત્રીશ હજાર રૂપૈઆને સુમારે ઉપજ થઈ છે. બહાર ગામનું પાંચ સાત હજાર માણુસ એકઠું થયું હતું. પ્રતિષ્ટા કરાવનાર પંડીત શ્રી બાળચંદ્રજી હતા. જૈન શાસનની વિશેષ ઉન્નતી થઇ છે.

શ્રી વાનવડીમાં પ્રતિષ્ટા—ઉપરનીજ તારીખે પુના જીલ્લાના વાનવડી નામે ગામમાં પ્રતિષ્ટા થઈ છે. ૩૨ વર્ષથી પ્રભુજી પરોણાગત હતા. ગામમાં શ્રાવકના ઘર માત્ર ૧૨ જ છે પરંતુ બે ચાર ગ્રહસ્થોના ઉત્સાહથી આ કાર્ય બની આવ્યું છે. બે નવકારશી થઈ છે. દશ દીવસ સુધી પરદેશીને માટે રસોડું ખુલ્લું રાખવામાં આવ્યું હતું. દેરાસરજીમાં ઉપજ સુમારે ચાર હજાર રૂપૈયાની થઈ છે. ગામના પ્રમાણમાં બહુ વિશેષ વાત બની આવી છે.

શ્રી અમદાવાદનો સંઘ—વકીલ મગનલાલ સરૂપચંદે શ્રી સિદ્ધાચળજી આવવાનો છરીપાળતો સંઘ માગશર વદ ૨ જે અમદાવાદ મુકામથી કાઢેલો તેણે બે દીવસ ગામ બહાર પડાવ રાખીને વદ ૫ મે સર્ખેજ મુકામ કર્યું હતું. સાથે ગાડીઓ ૭૦ ને માણુસ ૬૦૦ ને સુમારે હતું ત્યાંથી ૧૭ દીવસે પાલીતાણે સંઘ પહોચ્યો છે. સાથે સાધુ સાધવીના ઠાણા ૬૧ હોવાથી સંઘની શોભા બહુજ સારી આવી છે. એમાં મોટો ભાગશ્રીમન્ મહારાજ શ્રી બુટેરાયજી મહારાજના સમુદાયમાંથી હતો. મુનીરાજ પં૦ શ્રી ગંભીરવિજયજી વગેરે મુનીરાજના ઠાણા ૧૮ તથા સાધવીજીના ઠાણા ૧૫ એ સમુદાયમાંથી હતા.એ શિવાય પં૦ દયાવિમલજી વિગેરેનો પરિવાર હતો. રસ્તાના તમામ મુકામોએ બીજા ગ્રહસ્થો તરફથી સંઘ જમ્યા છે. રસ્તામાં વળા વિગેરે શહેરોમાં તેમજ પાલીતાણામાં પ્રવેશ કરતાં સામૈયું બહુ સુંદર થયું છે. એ સંઘશ્રી પાલીતાણામાં સુમારે ૧૫ દીવસ રહેનાર છે.

શ્રી સુરતથી નીકળેલો સંઘ શુદ ૧૩ શે શ્રી ખંભાત મુકામે આવ્યો છે. એ સંઘની શોભાપણ બહુ સારી આવી સંભળાય છે. સાથે સાધુ સાધ્વીના ઠાણા પણ વશેષ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જૈનકથા રત્નકોષ ભાગ ૭ મો—શ્રી પૃથ્વીચંદ્ર ગુણસાગર ચરિત્ર બહુજ ચમત્કારીક તેમજ ઉપદેશક છે. વધારે પ્રશંસા કરવાની જરૂર નથી. કીંમત રૂ૩) પોસ્ટેજ જુદું.

ચરિતાવળી—રસીક રસીક કથાઓનો સંગ્રહ. હાથમાં લેનાર પૂરી કર્યા પછીજ પડી મુકે એવી ચિંતને આકર્ષણ કરનારી છે. કિંમત સાદીના રૂ૧-૪-૦ સોનેરીના રૂ૧-૬-૦ પોસ્ટેજ બે આના. જૈનશાળા માટે પોસ્ટેજ માફ.

પાંચ પ્રતિક્રમણ ગુજરાતી—બહુજ સુંદર મોટા અક્ષરથી કેટલાક વધારા સાથે શા. ભીમશી માણેક તરફથીજ છપાણી છે કીંમત રૂ૦-૧૪-૦ જૈનશાળા માટે રૂ૦-૮-૦ પોસ્ટેજ જુદું.

ઢુંઢકહિત શિક્ષા—ઢુંઢકમતિ પાર્વતીએ બનાવેલી કુતર્કોની ભરેલી 'જ્ઞાનદીપીકા' નામની બુકનું ખંડન શાસ્ત્રી લીપીમાં છાપેલ. કીંમત રૂ૦-૮-૦ પોસ્ટેજ ૦-૧-૦

આ શિવાય બીજી પણ ઘણી જાતની ચોપડીઓ અમારી ઓફીસમાં મળે છે. જે જૈનબંધુને જે બુક જોઇએ તે અમારી પાસેથી મંગાવવી. પોસ્ટદ્વારા મોકલવામાં આવશે.

## ગ્રાહકોને સૂચના.

અમારા કારકુન ત્રવાડી કેશવજી વાલજીને લવાજમ વિગેરેની ઉઘરાણી માટે બાહારગામ મોકલવામાં આવ્યા છે તેથી મુંબઇ, સુરત, ભરૂચ, વડોદરા, અમદાવાદ, વીરમગામ, વઢવાણ, લીંબડી અને બોટાદ વિગેરે શેહેરોના ગ્રાહકોએ તેમને ખોટી ન કરતાં તરત લવાજમ આપવા કૃપા કરવી. મંત્રી.

---

## लवाजमनी पहोच.

| | |
|---|---|
| ૧—૩ શા. ગોવીંદજી મકન. | ૨—૬ શા. ગોમાજી મીયાચંદ. |
| ૨—૬ શા. પનાલાલ ઓંકારદાસ. | ૧—૩ શા. હીરાચંદ મોતીચંદ. |
| ૩—૯ શા. વીરચંદ નેમચંદ. | ૨—૬ શા. કેશવલાલ મુળચંદ. |
| ૨—૬ ગાંધી જેઠા વીરા. | ૧—૩ શા. હરગોવન જીવચંદ. |
| ૧—૩ શા સાકરચંદ ખેતશી. | ૦—૧૦ શા. ખુશાલચંદ માણેકચંદ. |
| ૨—૬ શા. ફુલચંદ રામજી | ૧—૩ શા. દલપત વેણીદાસ. |
| ૨—૮ શા. વેલશીભાઇ મુળજી. | ૧—૩ શા. ગોકળજી હંસરાજ. |
| ૧—૩ ઝવેરી બાલાભાઈ છોટાલાલ. | ૧—૩ વકીલ ઓધવજી પ્રાગજી. |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૨—૬ શા. મુળચંદ અમથાલાલ.
૨—૩ શા. પાનાચંદ ઉજમચંદ.
૨—૬ શા. માણેકચંદ ભગવાન.
૩—૯ શા. નથુભાઇ વ્રજભુખણદાસ.
૧—૩ શા. એચરદાસ શીરચંદ.
૨—૬ શા. નાનચંદ કૃષ્ણાજી
૩—૯ શા. પોપટલાલ માણેકચંદ.
૧—૩ શા. જગજીવન સોભાગ્યચંદ.
૧—૨ શા. નાથાભાઇ લલુભાઇ.

૧—૩ દેશાઇ લખમીચંદ ભવાન.
૧—૩ રા. રા. ગીરધરલાલ હીરાભાઇ
૨—૬ શા જમનાદાસ કરમચંદ.
૨—૬ પરી. પાનાચંદ કુબેરદાસ.
૨—૬ મેતા. ઝીણા લાલજી
૮—૧૩ રા. રા. બાલાભાઇ ગુલાબચંદ
૧—૩ રા. રા. દલીચંદ ફુલચંદ.
૨—૬ શા. ટોકરલાલ છગનલાલ.
૨—૭ શા. બાલાભાઇ ગીરધરલાલ.

## મુનિરાજ શ્રી મોતાવિજયજીના સ્વર્ગવાસ.

પોસ સુદ ૧૧ ગુરૂવારની રાત્રના ૮ કલાકે શ્રી ભાવનગરમાં માત્ર ચાર દિવસના ઉલટી વિગેરે વ્યાધિથી મુનીરાજ શ્રી મોતીવિજયજીએ સ્વર્ગ ગમન કર્યું છે. એઓ મૂળ શ્રી અમદાવાદના રૂપાસુરચંદની પોળના રહીશ દશા શ્રીમાળી શ્રાવક હતા. સંસારીપણે નામ મુળચંદ હતું. પાણીગ્રહણ કરેલું હતું તે છતાં પણ સદ્‌ગુરૂના ઉપદેશવડે વૈરાગ્યની વૃદ્ધિ થવાથી સર્પ કંચુકવત્ સંસારને તજી દઇને સુમારે ૨૫ વર્ષની નાની ઉમરે શ્રી ડીસાકાંપ મધ્યે મુનીમહારાજશ્રી નિત્યવિજયજી સમિપે બીજા ચાર જણ સાથે દીક્ષા ગ્રહણ કરી હતી. વડી દીક્ષા સમયે શ્રીમન્ મુનીરાજશ્રી બુટેરાયજી મહારાજના નામનો વાસક્ષેપ કરેલો હોવાથી એઓ એમના શિષ્ય અને મુનીરાજશ્રી વૃદ્ધિચંદજી મહારાજના ગુરૂભાઇ હતા. સંવત ૧૯૨૨ ના માગશર શુદી ૫ મે દીક્ષા ગ્રહણ કરેલી હોવાથી અંત સમયે દીક્ષા પર્યાય ૨૭ વર્ષ ઉપરાંત હતો. એમણે કચ્છ, માળવા ગુજરાત અને કાઠીયાવાડમાં બહુ જગ્યાએ વિહાર કરેલો છે. શરીર બહુ કૃશ છતાં વિહાર શક્તિ સારી હતી તેથી બહુ જીવો ઉપર ઉપગાર કર્યો છે. છેવટ સુધી સાધ્ય સારી રહી છે. વડીલ મહારાજશ્રીએ અંત પર્યંત પાસે બેસી રહીને બહુ શ્રેષ્ટ પ્રકારે નિઝામ્યા છે. તેમના અકસ્માત મૃત્યુથી મહારાજશ્રી વૃદ્ધિચંદજી વિગેરે સાધુ સમુદાયને તેમજ સંઘને બહુજ દીલગીરી ઉત્પન્ન થઈ છે. અંત ક્રિયાના પ્રસંગમાં સંઘે સારી ભક્તિ દર્શાવી છે. જીવદયાના અનેક કારણો બન્યા છે તેમજ શુદી ૧૩ થી એજ નિમિત્તે અઠ્ઠાઇમહોચ્છવ પણ શરૂ કરવામાં આવ્યો છે. આવા રત્ન પુરૂષોનો વિરહ અત્યંત દુઃસહ છે તેમ એવા રત્નની નિષ્પત્તિ પણ અસંભવિત છે. તોપણ ભવીતવ્યતાને બળવાન ગણી હૃદયને શાંત કરી ધર્મ કાર્યમાં વિશેષ પ્રકારે પ્રવર્ત્તવું એજ કર્ત્તવ્ય છે.

For Private And Personal Use Only